અપીલ અરજી નં.૩૦૭ તા.૧૯–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ

સામાવાળાઃ– આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૧–૧૧–૦૯ ની અરજીથી ૧. આરોગ્ય અધિકારી નં.પરવ/ખતલ/તપાસ/વશી/૧૬૦૧/૦૯ જિલ્લા પુરવઠા અધિકારી કચેરી તા.૨૪–૮–૦૯. ૨. હેમંત એચ. દેસાઈને ક્રાંતિધર્મના પત્ર તા.૩૧–૮–૦૯ ૩. ચીફ ફુડ ઈન્સ્પેકટરશ્રીને ક્રાંતિધર્મના પત્ર તા.૩૧–૮–૦૯ ૪. આ.નં. ૪૯૨ જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના તા.૧૭–૮–૦૯ આઈ ડી નં.૨૪૭ તા.૬–૮–૦૯ ચારેય અરજીઓની શું કાર્યવાહી થઈ અને ના થઈ હોય તો તેના કારણો જવાબદાર અધિકારીનું નામ, જવાબ કેમ આપેલ નથી? તે તમામની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૯–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૩૦૭/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૧–૧૧–૦૯ ની અરજીથી૧. આરોગ્ય અધિકારી નં.પરવ/ખતલ/તપાસ /વશી / ૧૬૦૧/૦૯ જિલ્લા પુરવઠા અધિકારી કચેરી તા.૨૪–૮–૦૯. ૨. હેમંત એચ. દેસાઈને ક્રાંતિધર્મના પત્ર તા.૩૧–૮–૦૯ ૩. ચીફ ફુડ ઈન્સ્પેકટરશ્રીને ક્રાંતિધર્મના પત્ર તા.૩૧–૮–૦૯ ૪. આ.નં. ૪૯૨ જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના તા.૧૭–૮–૦૯ આઈ ડી નં.૨૪૭ તા.૬–૮–૦૯ ચારેય અરજીઓની શું કાર્યવાહી થઈ અને ના થઈ હોય તો તેના કારણો જવાબદાર અધિકારીનું નામ, જવાબ કેમ આપેલ નથી? તે તમામની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં આરોગ્ય ફુડ વિભાગ ધ્વારા પ્રત્યુત્તર પાઠવેલ નહીં હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૭૯ તા.૩૧–૧૨–૦૯ થી આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી આ.નં.પીએચડી/ફુડ/૭૦૭ તા.૧૨–૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારને આપેલ માહિતી પત્ર નં.જાવક/પીએચડી/ફુડ/૬૯૦ તા.૭–૧–૧૦ ના પત્રની નકલ મળેલ છે.

અરજદારની તા.૧૧–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ઉધનાઝોન તરફથી આરોગ્ય વિભાગ આ.નં.૪૯૨ તા.૧૭–૮–૦૯ ના રોજ અરજી ફુડ વિભાગમાં તબદીલ કરેલ છે તેવું સા.ઝોન ઉધનાના પત્ર નં.સા.ઝોન/૭૨૮ તા.૩૦–૧૧–૦૯ માં અરજદારને પાઠવેલ પત્રમાં જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૯–૧૨–૦૯ ના રોજ અપીલ અરજી કરી સા.ઝોન ઉધના તરફથી તા.૩૦–૧૧–૦૯ નો તબદીલ નિર્ણય મળેલ છે. પરંતુ આરોગ્ય ફુડ વિભાગ તરફથી કોઈ નિર્ણય કે માહિતી મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી અત્રે કરવામાં આવેલ છે. જેમાં આરટીઆઈ કાયદા હેઠળ અધિકારી સામે શિક્ષાત્મક કાર્યવાહીની પણ રજૂઆત કરેલ છે. જેના અનુસંધાને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.પીએચડી/ફુડ/૬૯૦ તા.૭–૧–૧૦ થી અરજદારને અત્રે નિર્દિષ્ટ વિગતે માહિતી આપવામાં આવેલ છે. જે અનુસાર મુદ્દા નં.૩ પી.એફ. એ. એકટ હેઠળ લાયસન્સ ન હોવા બાબત આરોગ્ય અધિકારી તા.૧૦–૯–૦૯ ની અરજીના અનુસંધાનમાં શું શું કાર્યવાહી થઈ છે? અને ના થઈ હોય તો કેમ? તેના જવાબ સાથે માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારની તા.૧૦–૯–૦૯ ની અરજીના અનુસંધાનમાં જણાવવાનું કે (૧) રોડ નં.૬ ઉદ્યોગનગર, ઉધના, સુરત ખાતે આવેલ "બી.પવન બેવરેજીસ" નામની સંસ્થા બીઆઈએસ સર્ટીફીકેટ ધરાવતી ન હોય, નામદાર ગુજરાત હાઈકોર્ટની સ્પે. સીવીલ એપ્લીકશેન નં.૮૯૭૭/૨૦૦૯ ના સંદર્ભમાં સદર સંસ્થાને નોટીસ આપી તા.૧૫–૯–૦૯ ના રોજ મહાનગરપાલિકા ધ્વારા સીલ માંગવામાં આવેલ. સદર સંસ્થાએ બી.આઈ.એસ. સર્ટીફીટ મેળવી રજૂ કરતાં સીલ ખોલી આપવામાં આવેલ. સદર સંસ્થાને હાલમાં પી.એફ.એ. એકટ હેઠળનું લાયસન્સ નં.પી.એફ.એ./સા.ઝોન/૦૩/૬૮ આપવામાં આવેલ છે. તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. (૨) અમૃત આઈસ્કીમ રોડ નં.૧૪ ઉદ્યોગનગર, ઉધના સુરત ખાતે આવેલ "અમૃત આઈસ્કીમ" નામની સંસ્થામાંથી તા.૯–૧૦–૦૯ ના રોજ નમુનો લેવામાં આવેલ છે. વધુમાં સદર સંસ્થાએ પી.એફ.એ. એકટ હેઠળનું લાયસન્સ મેળવવા અરજી કરેલ છે. તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. (૫) પી.એફ.એ. લાયસન્સ ન હોવા છતાં ફરસાણ વેચવા બાબત કમિશ્નરશ્રી, આરોગ્ય અધિકારી, ચીફ ફુડ ઈન્સ્પેકટર તા.૩૧–૮–૦૯ –અરજીના અનુસંધાનમાં શું શું કાર્યવાહી થઈ છે? અને ના થઈ હોય તો કેમ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારની તા.૧૦–૯–૦૯ ની અરજીના અનુસંધાનમાં જણાવવાનું કે સરદાર એસ્ટેટ, ઉધના મગદલ્લા રોડ, સુરત ખાતે આવેલ "શીવ નમકીન" નામની સંસ્થામાં તા.૨૪–૮–૦૯ તથા તા.૩૧–૧૦–૦૯ ના રોજ ફરસાણના નમુનાઓ લેવામાં આવેલ છે. સદર સંસ્થા પી.એફ.એ એકટ હેઠળનું લાયસન્સ ધરાવતી ન હોય તા.૨૪–૮–૦૯ ના રોજ વગર લાયસન્સની નોટીસ આપવામાં આવેલ છે તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે.

# હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી નહીં મળેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કંઈ કરવાનું રહેતું ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ દંડાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ ગુજરાત રાજય, સેકટર–૧૮, ગાંધીનગરને હોઈ અત્રે તે અંગેની કાર્યવાહી કરવાની રહેતી નથી. અરજદાર તે અંગે આરટીઆઈએકટની કલમ–૧૮ હેઠળ ફરીયાદ અથવા કલમ–૧૯(૩) હેઠળ બીજી અપીલ કરવા હકદાર છે.

નં.આરટીઆઈસેલ/ડે.કમિશ્નર(જનરલ),
તારીખ : –૧ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ
(૧) આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ) ....જાણ તથા અમલ માટે.
(૨)શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,